JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | iSC Indian Steel Corporation Ltd. | durashine TATA BLUESCOPE STEEL | TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Petrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા


શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ચૈત્ર અમાસ શુક્રવાર ૧૭ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૪૮

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# ફેરસીમાંકનમાં કોઈ રાજ્યની સાથે ભેદભાવ નહીં થાય: મોદી

## મહિલા અનામત બિલ: શું NDA પાસે છે પૂરતી સંખ્યા?

૧૬ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સંસદમાં રજૂ થયેલા ૧૩૧મા બંધારણીય સુધારા બિલ (મહિલા અનામત બિલ) ને લઈને રાજકીય વાતાવરણ ખૂબ જ ગરમાયું છે. જોકે, સરકાર પાસે આ બિલ પસાર કરાવવા માટે જરૂરી 'જાદુઈ આંકડો' મેળવવો અત્યારે એક મોટો પડકાર બની રહ્યો છે.

**ગણિતનો ખેલ: ૨/૩ બહુમતી કેમ જરૂરી?**

બંધારણમાં સુધારા માટે સંસદમાં 'સ્પેશિયલ મેજોરિટી' જોઈએ, જેનો અર્થ છે કે હાજર રહેલા અને મતદાન કરનારા સભ્યોની ૨/૩ (બે-તૃતિયાંશ) બહુમતી.

**લોકસભાની સ્થિતિ: * કુલ સભ્યો: ૫૪૦.**

o જો બધા હાજર રહે, તો ૨/૩ બહુમતી માટે ૩૬૦ સાંસદોના ટેકાની જરૂર પડે.

o NDA પાસે અત્યારે ૨૯૩ સાંસદો છે, એટલે કે તેમને વિરોધ પક્ષના ટેકા અથવા તો મોટા પાયે 'એબસ્ટેન્શન' (ગેરહાજર રહેવું)ની જરૂર પડશે.

**'એબસ્ટેન્શન' (ગેરહાજરી) થી શું બદલાઈ શકે?**

જો સરકાર બિલ પસાર કરાવવા માંગતી હોય, તો વિરોધ પક્ષના સાંસદો ગેરહાજર રહે તે એક રસ્તો છે:

જો 30 સાંસદો ગેરહાજર રહે, તો બહુમતીનો આંકડો ૩૪૦ થઈ જાય.

જો ૬૦ સાંસદો ગેરહાજર રહે, તો આ આંકડો ઘટીને ૩૨૦ થાય.

જો ૯૦ સાંસદો ગેરહાજર રહે, તો માત્ર ૩૦૦ ના ટેકાથી પણ બિલ પસાર થઈ શકે.

...અનુસંધાન પાના 15 પર

### લોકસભામાં 3 બિલો પર મતદાન આજે સાંજે 4 વાગ્યે

**નવી દિલ્હી.** લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાના જણાવ્યા અનુસાર, મહિલા અનામત કાયદામાં સુધારો કરવા અને સીમાંકન પંચની રચના કરવા માટેના ત્રણ બિલો પર લોકસભામાં મતદાન શુક્રવારે સાંજે 4 વાગ્યે થશે. બિરલાએ જણાવ્યું હતું કે, આ બિલો પર આશરે 15-18 કલાકની ચર્ચા થશે. કારણ કે, મતદાન શુક્રવારે સાંજે 4 વાગ્યે થવાનું છે. સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ બિલો પર 12 કલાકની ચર્ચાનું સૂચન કર્યું હતું, પરંતુ કહ્યું હતું કે તેને લંબાવવાનો નિર્ણય અધ્યક્ષ દ્વારા લેવામાં આવશે. અગાઉ, કેન્દ્રીય મંત્રીઓ અર્જુન રામ મેઘવાલ અને અમિત શાહે વિરોધ પક્ષોના વિરોધ વચ્ચે મહિલા અનામત કાયદામાં સુધારો કરવા અને સીમાંકન પંચની રચના કરવા માટે લોકસભામાં ત્રણ બિલો રજૂ કર્યા હતા. વિરોધ પક્ષોએ આ પ્રસ્તાવિત કાયદાઓને ગેરબંધારણીય ગણાવ્યા હતા. ગૃહમાં 'બંધારણ (131મો સુધારો) બિલ, 2026', 'સીમાંકન બિલ, 2026' અને 'કેન્દ્રશાસિત પ્રદેશોના કાયદા (સુધારો બિલ), 2026' રજૂ કરવામાં આવ્યા હતા. ડ્રાફ્ટ બંધારણ સુધારા બિલ અનુસાર, 2011ની વસ્તી ગણતરીના આધારે સીમાંકન પ્રક્રિયા બાદ 2029ની સંસદીય ચૂંટણી પહેલાં મહિલા અનામત કાયદાને 'અમલી' બનાવવા માટે લોકસભાની બેઠકો વર્તમાન 543થી વધારીને મહત્તમ 850 કરવામાં આવશે.

### ત્રણ મહત્વના બિલો રજૂ

વિપક્ષના ભારે વિરોધ અને તેને 'ગેરબંધારણીય' ગણાવવા છતાં, કેન્દ્રીય મંત્રીઓ દ્વારા ગૃહમાં નીચે મુજબના ત્રણ બિલો રજૂ કરવામાં આવ્યા છે:
બંધારણ (131મો સુધારો) બિલ, 2026
સીમાંકન બિલ, 2026
કેન્દ્રશાસિત પ્રદેશોના કાયદા (સુધારો બિલ), 2026

**મહિલ** અનામતને લગતા ખરડાઓ પરની ચર્ચામાં બોલતા વડાપ્રધાન કહ્યું કે લોકસભામાં દરેક રાજ્યની બેઠકોમાં પ્રમાણસર વધારો કરવામાં આવશે

**આ અનામતમાં** અવરોધો ઉભા કરવા સામે વિપક્ષોને ચેતવ્યા

**નવી દિલ્હી, તા. 16 :** મહિલા અનામત કાયદાના અમલીકરણ સાથે જોડાયેલા મતવિસ્તારોના સીમાંકનમાં કોઈ પણ રાજ્ય – મોટું હોય કે નાનું, ઉત્તર હોય કે દક્ષિણ, પૂર્વ હોય કે પશ્ચિમ – તેની સાથે ભેદભાવ કરવામાં આવશે નહીં, તેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે ૨૦૨૯માં અનામતના અમલીકરણને મજબૂત સમર્થન આપતા ચેતવણી આપી હતી કે જેઓ આ પહેલનો વિરોધ કરશે તેમને દેશની મહિલાઓ માફ કરશે નહીં.

મહિલા અનામત કાયદામાં સુધારા કરવા અને સીમાંકન પંચની રચના કરવા માટે રજૂ કરવામાં આવેલા ત્રણ બિલો પર લોકસભામાં ચાલી રહેલી ચર્ચામાં દરમિયાનગીરી કરતા મોદીએ એમ પણ કહ્યું હતું કે જો કોઈ રાજકીય પક્ષ મહિલા અનામત કાયદાનો વિરોધ કરે છે, તો તે સ્વાભાવિક છે કે તેનાથી મોદીને રાજકીય ફાયદો થશે. તેમણે કહ્યું, અહીં કેટલાક લોકો એવું વિચારે છે કે આ પગલામાં મોદીનો રાજકીય સ્વાર્થ છે. જો તમે તેનો વિરોધ કરશો તો

...અનુસંધાન પાના 15 પર

### મારે ક્રેડિટ જોઇતી નથી: મોદીની વિપક્ષને ક્રેડિટના 'બ્લેન્ક ચેક'ની ઓફર

મોદીએ કહ્યું કે હું ક્રેડિટનો બ્લેન્ક ચેક આપી રહ્યો છું: અહીં કેટલાક લોકોને લાગે છે કે આમાં ક્યાંક ને ક્યાંક મોદીનો રાજકીય સ્વાર્થ છે. જો આનો વિરોધ કરવામાં આવશે તો સ્વાભાવિક છે કે તેનો રાજકીય લાભ મને થશે. જો સાથે ચાલશો તો એકતરફી લાભ કોઈને નહીં થાય. પછી પાસું અલગ થઈ જાય છે. અમને ક્રેડિટ નથી જોઈતી, જેવું આ પસાર થઈ જાય એટલે હું જાહેરાત આપીને દરેકનો આભાર માનવા તૈયાર છું. દરેકના ફોટા છપાવી દઈશું. લઈ લો જી ક્રેડિટ. સામે ચાલીને તમને ક્રેડિટનો બ્લેન્ક ચેક આપી રહ્યો છું.

### કાળા વસ્ત્રો પહેરીને આવેલા સાંસદોનો આભાર માન્યો

કાળા કપડાં પહેરીને આવેલા લોકો નજરના ટીકા સમાન: આપણા ત્યાં પરંપરા છે કે સારા કામમાં કોઈની નજર ન લાગે તે માટે કાળું ટીલું લગાવાય છે, એટલા માટે હું તમારો (ડીએમકે) આભાર માનું છું. ખરેખર તો, પીએમએ ડીએમકેનું નામ લીધા વગર આ ઉલ્લેખ કર્યો હતો. ડીએમકેના સાંસદો તે દિવસે સીમાંકન બિલનો વિરોધ કરવા માટે કાળા કપડાં પહેરીને સંસદ પહોંચ્યા હતા.

## દિલ્હી એરપોર્ટ પર અકાસા એર અને સ્પાઇસ જેટના વિમાનો અથડાયા





**બંને** બોઈંગ-૭૩૭ વિમાનો હતા, બંનેને નુકસાન

**ઉડાનની** તૈયારી કરી રહેલા અકાસા એરના તમામ મુસાફરોને ઉતારી દેવાયા, તમામ સલામત

**એક** એર ટ્રાફિક કન્ટ્રોલર અને સ્પાઇસ જેટના પાયલોટો સસ્પેન્ડ

**નવી દિલ્હી, તા. 16 (PTI):** ગુરુવારે બપોરે દિલ્હી એરપોર્ટ પર અકાસા એરનું એક વિમાન અને સ્પાઇસ જેટનું એક વિમાન એકબીજા સાથે અથડાતા બન્ને વિમાનને નુકસાન થયું હતું અને એવિએશન વોચડોગ ડીજીસીએ આ ઘટનાની તપાસ કરી રહ્યું છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

આ ઘટના બાદ બંને બોઈંગ 737 વિમાનોને એરપોર્ટ પર જ રોકી દેવામાં આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, બપોરે આશરે 2.15 વાગ્યે એરપોર્ટના ટર્મિનલ 1 પર જ્યારે આ ઘટના બની ત્યારે અકાસા એરનું વિમાન ટેક્સીવે પર ઊભું હતું અને ટેક-ઓફ માટેની તૈયારી કરી રહ્યું હતું, જ્યારે સ્પાઇસ જેટનું વિમાન પાર્કિંગ સ્ટેન્ડ તરફ જઈ રહ્યું હતું. અકાસા એરનું વિમાન ફ્લાઇટ ક્યુપી 1406 તરીકે દિલ્હીથી હૈદરાબાદ જવાનું હતું, જ્યારે સ્પાઇસ જેટનું વિમાન લેહથી ફ્લાઇટ એસજી 124 ઓપરેટ કરીને આવ્યું હતું. આકાસા એરના વિમાનના તમામ મુસાફરો અને કર્મચારીઓને સલામત રીતે નીચે ઉતારી લેવાયા હતા. ડીજીસીએએ જણાવ્યું હતું કે સંલગ્ન એર ટ્રાફિક કન્ટ્રોલર અને સ્પાઇસ જેટના પાયલોટોને તપાસ પુરી નહીં થાય ત્યાં સુધી ઓફ-રોસ્ટર્ડ કરવામાં આવ્યા છે.

ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ) એ જણાવ્યું હતું કે, સ્પાઇસ

...અનુસંધાન પાના 15 પર

## દિલ્હી ડાયરી



### આંતરરાષ્ટ્રીય દબાણ અને વ્યૂહાત્મક સોદાબાજી

યુએસ કોંગ્રેસ દ્વારા સ્થાપિત સંસ્થા 'યુએસ કમિશન ઓન ઇન્ટરનેશનલ રિલીજિયસ ફ્રીડમ'એ પ્રથમ વખત ભારતની બાહ્ય ગુપ્તચર પાંખ આરએન્ડએડબ્લ્યુને ભારતમાં ધાર્મિક સ્વતંત્રતા માટે ખતરો ગણાવી છે. કમિશને આરએન્ડએડબ્લ્યુનો સમાવેશ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની સાથે કર્યો છે, જેનો ઉલ્લેખ છેલ્લાં કેટલાંક વર્ષોથી કરવામાં આવી રહ્યો છે. હકીકતમાં, કમિશને વારંવાર ભલામણ કરી છે કે, ભારતને 'કન્ટ્રી ઓફ પર્ટીક્યુલર કન્સર્ન' (વિશેષ ચિંતા ધરાવતા દેશો)ની વોચલિસ્ટમાં મૂકવામાં આવે. દરમિયાન, જરૂરી સરકારી પરવાનગી વિના મિઝોરમની મુસાફરી કરનારા અને યુરોપથી ડ્રોનનો મોટો જથ્થો લાવનારા છ યુક્રેનિયન અને એક અમેરિકન નાગરિકની ધરપકડ ભારત માટે વરદાન સાબિત થઈ છે. આ વિદેશી નાગરિકોને હજી સુધી કોન્સ્યુલર એક્સેસ આપવામાં આવી નથી અને ભારતીય મીડિયા એવી અટકળો લગાવી રહ્યું છે કે, તેમનું મિશન પૂર્વોત્તર રાજ્યોમાં અથવા મ્યાનમારના સરહદી પ્રદેશમાં અથવા બંને જગ્યાએ વંશીય જૂથોને તાલીમ આપવાનું હતું. ગયા અઠવાડિયે ગૃહ પ્રધાન અમિત શાહે કહ્યું

...અનુસંધાન પાના 15 પર

તા. ૧૬-૦૪-૨૦૨૬નું વડોદરા શહેરનું

**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૯.૪° સે. | ૨૫.૮° સે. | ૨૫% |

## કરાર નહીં કરશો તો ફરી યુદ્ધ થશે: અમેરિકાની ઈરાનને ચેતવણી

**અમેરિકાની** નાકાબંધી ચાલુ રહે તો રાતા સમુદ્ર, ઓમાનની ખાડી અને પર્શિયન અખાતમાં જહાજો રોકી દેવાની ઇરાનની ચેતવણી

**બીજી બાજુ** મંત્રણાના બીજા રાઉન્ડની ચાલતી તૈયારી, અસીમ મુનીર ઇરાનમાં બેઠકો યોજી રહ્યા છે

**વૉશિંગ્ટન, તહેરાન, તા. 16:** અમેરિકાએ ઈરાનને ચેતવણી આપી છે કે જો તેણે શાંતિ સમજૂતી સ્વીકારી નહીં, તો ફરીથી યુદ્ધ શરૂ થઈ શકે છે. અમેરિકી સંરક્ષણ મંત્રી પીટ હેગસેથે જણાવ્યું હતું કે ઈરાન પાસે સમજૂતી કરવાની તક છે, પરંતુ જો તે આ તક ઠુકરાવશે તો અમેરિકા ફરીથી સૈન્ય કાર્યવાહી શરૂ કરશે. તેમણે જણાવ્યું કે અમેરિકી દળો સંપૂર્ણપણે તૈયાર છે અને ગમે ત્યારે કોમ્બેટ ઓપરેશન શરૂ કરી શકે છે. હેગસેથે એ પણ કહ્યું કે અમેરિકી સેના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશની રાહ જોઈ રહી છે અને સૂચના મળતાની સાથે જ કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

અમેરિકા અને ઈરાન ૨૧ એપ્રિલના રોજ પૂરા થઈ રહેલા યુદ્ધવિરામ પહેલા સમજૂતીની નજીક પહોંચી રહ્યા છે. અમેરિકી મીડિયા અનુસાર, બંને પક્ષો વચ્ચે વાતચીત આગળ વધી છે, જોકે કેટલાક મતભેદો હજુ પણ બાકી છે. આ દરમિયાન તેહરાનમાં ઈરાની અધિકારીઓ અને પાકિસ્તાની સેના પ્રમુખ આસીમ મુનીર વચ્ચે મહત્વની બેઠક યોજાશે. મુનીર અગાઉ જ ઈરાન પહોંચીને વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીને મળી ચૂક્યા છે અને તેઓ અમેરિકાનો સંદેશ લઈને ગયા છે. અને ટૂંક સમયમાં ઈરાન અને અમેરિકા વચ્ચે વાતચીતનો બીજો દોર પાકિસ્તાનમાં યોજાઈ શકે છે.

પાકિસ્તાન, મિસર અને તુર્કી મધ્યસ્થીની ભૂમિકા ભજવી રહ્યા છે. બીજી તરફ, અમેરિકી ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ, સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનર સાથે મળીને વાતચીત અને ડ્રાફ્ટ પ્રસ્તાવ શેર કરી રહ્યા છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, ડીલ માટે યુદ્ધવિરામને લંબાવવામાં આવી શકે છે, જો કે અમેરિકાએ હજુ સુધી આ અંગે સત્તાવાર સહમતી આપી નથી. ઈરાને ચેતવણી આપી છે કે જો અમેરિકી નાકાબંધી ચાલુ રહેશે તો તે રાતા સમુદ્ર, ઓમાનની ખાડી અને પર્સિયન ગલ્ફમાં દરિયાઈ વેપાર રોકી દેશે. હેગસેથે કહ્યું છે કે અમેરિકા ઈરાન પર નૌકાબંધી ચાલુ રાખશે. તેમણે સ્પષ્ટ કર્યું કે આ કાર્યવાહી ત્યાં સુધી ચાલુ રહેશે, જ્યાં સુધી અમેરિકા તેના વ્યુહાત્મક લક્ષ્યો હાંસલ ન કરી લે. બીજી તરફ

...અનુસંધાન પાના 15 પર

### મુનીર ઇરાનથી અમેરિકા જશે

**વૉશિંગ્ટન.** અમેરિકા અને ઈરાન વચ્ચે અટકી પડેલી શાંતિ વાર્તાને ફરીથી પાટા પર લાવવાના પ્રયાસો તેજ થઈ ગયા છે. આ જ કડીમાં પાકિસ્તાનના આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીર તેહરાન પહોંચી ગયા છે, જ્યાં તેઓ ઈરાની નેતૃત્વ સાથે મહત્વની વાતચીત કરી રહ્યા છે. તેમની સાથે પાકિસ્તાનના આંતરિક બાબતોના મંત્રી મોહસિન નકવી પણ હાજર છે, જે આ રાજદ્વારી મિશનના મહત્વને દર્શાવે છે. ઈસ્લામાબાદમાં થયેલી અગાઉની વાતચીત નિષ્ફળ ગયા બાદ આ પ્રથમ મોટી પહેલ માનવામાં આવી રહી છે. પાકિસ્તાન બંને દેશો વચ્ચે મધ્યસ્થી તરીકે સક્રિય ભૂમિકા ભજવી રહ્યું છે અને ઈરાનને ફરીથી વાતચીતની ટેબલ પર લાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. મુનીર ઇરાનથી અમેરિકા જશે અને સંદેશો પહોંચાડશે. અહેવાલો અનુસાર, પાકિસ્તાન ઈરાનને અમેરિકાની 'ફાઈનલ અને બેસ્ટ ઓફર'ની નજીક લાવવાનો પ્રયાસ કરશે. જોકે આ કામ સરળ દેખાઈ રહ્યું નથી, કારણ કે ઈરાન પહેલા જ કહી ચૂક્યું છે કે તેની તરફથી કોઈ નવો પ્રસ્તાવ આવ્યો નથી. સૌથી મોટો અવરોધ યુરેનિયમ સંવર્ધનનો મુદ્દો બની રહ્યો છે, જેના પર બંને દેશો વચ્ચે ઊંડી ખાઈ છે. આ દરમિયાન, વ્હાઇટ હાઉસએ પણ સંકેત આપ્યા છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે બીજા તબક્કાની વાતચીત ફરીથી પાકિસ્તાનમાં જ થઈ શકે છે. પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે જણાવ્યું કે વાતચીત 'પ્રોડક્ટિવ' છે અને પાકિસ્તાન જ આ સમગ્ર સંવાદમાં મુખ્ય મધ્યસ્થી બની રહેશે.

### લેબેનોનમાં શાળામાંથી શસ્ત્ર મળ્યાનો ઇઝરાયેલનો દાવો

સેનાનું કહેવું છે કે તેને દક્ષિણ લેબનોનમાં નવા આક્રમણના કેન્દ્ર સમાન બિન્ત જેબેલમાંથી ઓટોમેટિક રાઇફલ્સ અને પિસ્તોલ સહિત 130 થી વધુ હથિયારો મળી આવ્યા છે. આ શસ્ત્રો એક શાળામાંથી મળ્યા હોવાનો દાવો કરતા તેણે એમ પણ કહ્યું હતું કે ત્રાસવાદીઓ નાગરિક સ્થળોનો ઉપયોગ કરી રહ્યા છે. ઇઝરાયેલે એવો પણ દાવો કર્યો હતો કે દક્ષિણ લેબેનોનમાં એક પુલ તેણે ઉડાવી દીધો છે.

## દક્ષિણ ભારતની બેઠકોમાં 50%નો વધારો

**નવી દિલ્હી, તા. 16 (PTI).** કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુરુવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે, જ્યારે નીચલા ગૃહ (લોકસભા)ની કુલ બેઠકો વધારીને 816 કરવામાં આવશે ત્યારે પાંચ દક્ષિણ રાજ્યોમાં લોકસભાની બેઠકો હાલની 129થી વધીને 195 થઈ જશે, જે 50 ટકાનો વધારો છે. શાહે કહ્યું હતું કે, ભ્રામક માહિતી ફેલાવવા માટે ખોટી વાર્તા ચલાવવામાં આવી રહી છે.

મહિલા અનામત કાયદામાં સુધારા અને સીમાંકન પંચની રચના માટે રજૂ કરવામાં આવેલા ત્રણ બિલો પર લોકસભામાં ચર્ચા દરમિયાન દખલ કરતા શાહે એમ પણ કહ્યું હતું કે, પ્રસ્તાવિત મહિલા અનામત માત્ર 2029માં જ અમલમાં આવશે અને ત્યાં સુધી તમામ ચૂંટણીઓ વર્તમાન વ્યવસ્થા હેઠળ જ લેવામાં આવશે.

ગૃહમંત્રી શાહે કહ્યું કે, પાંચ દક્ષિણ રાજ્યોમાં લોકસભાની બેઠકોની સંખ્યા હાલની 129થી વધીને 195 થશે, જ્યારે સત્તાની ટકાવારી 23.76 ટકાથી વધીને 23.87 ટકા અથવા લગભગ 24 ટકા થશે.

ગૃહમંત્રી શાહે વિગતો આપતાં જણાવ્યું કે, "કર્ણાટકમાં લોકસભાની બેઠકો હાલની 28થી વધીને 42 થશે; આંધ્ર પ્રદેશમાં બેઠકોની સંખ્યા 25થી વધીને 38 થશે; તેલંગાણામાં હાલની 17થી વધીને 26 થશે; તમિલનાડુમાં લોકસભાની બેઠકો હાલની 39થી વધીને 59 થશે; અને કેરળમાં હાલની 20 બેઠકોથી વધીને 30 બેઠકો થશે."

બિલ મુજબ, લોકસભાની બેઠકો મહત્તમ 850 સુધી જશે, પરંતુ શાહે સ્પષ્ટ કર્યું કે તે એક અંદાજિત આંકડો હતો અને બેઠકો 816 પર રહેશે. નવી લોકસભામાં બેઠકોની કુલ સંખ્યા 816 કેવી રીતે નક્કી કરવામાં આવી છે તે સમજાવતા ગૃહમંત્રીએ કહ્યું કે તે બેઠકોની હાલની સંખ્યા કરતાં બરાબર 50 ટકા વધુ છે.

### તમારા પક્ષની બધી ટિકીટો મુસ્લિમ મહિલાઓને આપી દો: અખિલેશને અમિત શાહનો ટોણો

**નવી દિલ્હી, તા. 16 :** ગુરુવારે લોકસભામાં મહિલા અનામત સંબંધિત સીમાંકન બિલ પરની ચર્ચા દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ વચ્ચે અનામત, મુસ્લિમ પ્રતિનિધિત્વ અને જાતિ ગણતરી મુદ્દે તીખી બોલાચાલી થઈ હતી. આગામી ત્રણ દિવસમાં સંસદમાં ત્રણ મહત્વના બિલો પર ચર્ચા થવાની છે. સરકારનો દાવો છે કે મહિલાઓ માટે ૩૩% અનામત લાગુ કરવા માટે આ બિલો અનિવાર્ય છે. આ મુદ્દો ઉઠાવતા અખિલેશ યાદવે કહ્યું કે મહિલા અનામત બિલ પસાર થયા પછી મુસ્લિમ મહિલાઓને અલગથી અનામત મળવી જોઈએ. તેમણે એવો પ્રશ્ન પણ કર્યો કે સરકાર વસ્તી ગણતરીની રાહ કેમ જોઈ રહી નથી? સાથે જ તેમણે ઉમેર્યું કે તેમની પાર્ટી જાતિ ગણતરીની માંગ કરશે. અખિલેશ યાદવના આ સૂચન પર વળતો પ્રહાર કરતા અમિત શાહે કટાક્ષમાં કહ્યું કે તેઓ તેમની પાર્ટીની તમામ ટિકિટો મુસ્લિમ મહિલાઓને આપી શકે છે, તેમને કોણ રોકી રહ્યું છે?

## પાકિસ્તાનમાં આતંકી આમિર હમઝા પર હુમલો

**લશ્કર-એ-**તૈયબાના સ્થાપક પર લાહોરમાં ન્યૂઝ ચેનલની ઓફિસની બહાર હુમલો; હાલત ગંભીર



**લાહોર, તા. 16.** પાકિસ્તાનના લાહોરમાં આતંકી સંગઠન લશ્કર-એ-તૈયબા (એલઈટી)ના સ્થાપક સભ્ય આમિર હમઝા પર અજ્ઞાત હુમલાખોરોએ ગોળીબાર કર્યો હતો. હુમલા બાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, હુમલાખોરોએ લાહોરમાં એક ન્યૂઝ ચેનલની ઓફિસની બહાર હમઝા પર ફાયરિંગ કર્યું હતું. હુમલો કોણે અને શા માટે કર્યો, તે હજી સુધી સ્પષ્ટ થયું નથી.

એક વર્ષ કરતાં પણ ઓછા સમયમાં આ બીજી વાર બન્યું છે, જ્યારે હમઝા પર હુમલો થયો છે. આ પહેલા ગયા વર્ષે મે મહિનામાં પણ હમઝાને તેમના ઘરની બહાર અજ્ઞાત લોકોએ ગોળી મારી હતી. ગયા હુમલા બાદ તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. આ પછી પાકિસ્તાની અધિકારીઓએ તેની સુરક્ષા વધારી દીધી હતી. જોકે, તે ઘટના પર કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નહોતું. આતંકવાદી આમિર હમઝા 1987માં લશ્કર-એ-તૈયબાની સ્થાપનામાં સામેલ 17 લોકોમાંનો એક છે. તે આતંકી પ્રવૃત્તિઓ, પ્રચાર, ફંડ એકત્ર કરવા અને લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા અનેક અખબારો અને સામયિકોનું સંપાદન કરતો હતો. તે લશ્કરની સેન્ટ્રલ એડવાઈઝરી કમિટીનો સભ્ય પણ રહ્યો છે અને અન્ય આતંકવાદી જૂથો સાથે સંબંધો સ્થાપિત કરવામાં સક્રિય રહ્યો છે. હમઝાએ હાફિઝ સઈદના નેતૃત્વમાં લશ્કર-એ-તૈયબાને બીજા આતંકી જૂથો સાથે જોડવાનું કામ કર્યું. તે લશ્કર સાથે જોડાયેલા એક ચેરિટી સંગઠનનું નેતૃત્વ કરતો હતો અને લશ્કરના યુનિવર્સિટી ટ્રસ્ટના બોર્ડમાં સામેલ હતો, જેને પહેલા હાફિઝ સઈદ સંભાળતો હતો.

હમઝાએ 1980ના દાયકામાં અફઘાનિસ્તાનમાં સોવિયત સંઘ સામેના યુદ્ધમાં ભાગ લીધો હતો. આ પછી તે હાફિઝ સઈદ અને અન્ય આતંકીઓ સાથે જોડાઈ ગયો. હમઝા હાફિઝ સઈદ અને અબ્દુલ રહેમાન મક્કીનો નજીકનો છે. અમેરિકાએ વર્ષ 2012માં હમઝાને વૈશ્વિક આતંકવાદી જાહેર કર્યો હતો.